# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-11-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

----------------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# PADYATRA PRARAMBH KARAMSAD

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમાના નિર્માણથી તેમને શ્રેષ્ઠ શ્રદ્ધાંજલિ અપાઈ છે. આણંદમાં શાસ્ત્રી મેદાન ખાતેથી “સરદાર એટ 150 યુનિટી માર્ચ” રાષ્ટ્રીય પદયાત્રાનો શુભારંભ કરાવતા શ્રી પટેલે કહ્યું, આ પદયાત્રા એક ભારત, આત્મનિર્ભર ભારતનો સંદેશ લોકો સમક્ષ મુકશે. સાથે જ રાષ્ટ્રીય એકતાનો માર્ગ પણ મોકળો કરશે.

તેમણે કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં દેશમાં લાગુ કરાયેલી નવી ચાર શ્રમ સંહિતાએ સરદાર પટેલને સાચી શ્રદ્ધાંજલિ હોવાનું પણ જણાવ્યું..

(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)

ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રીએ ત્રિપુરાના મુખ્યમંત્રી પ્રૉફેસર ડૉક્ટર માણિક સાહા સાથે આજે આણંદના વલ્લભ વિદ્યાનગરથી 11 દિવસની પદયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું.

કરમસદમાં સરદાર પટેલના નિવાસસ્થાનથી શરૂ થયેલી આ પદયાત્રા કેવડિયા સુધી યોજાશે. અંદાજે 150 કિલોમીટરથી વધુનું અંતર કાપીને આ પદયાત્રા છ ડિસેમ્બરે સ્ટેચ્યૂ ઑફ યુનિટી ખાતે પૂર્ણ થશે.

# CM PATEL BABASAHEB ANJALI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે બંધારણ દિવસ નિમિત્તે ગાંધીનગરમાં સેન્ટ્રલ વિસ્ટા બગીચામાં ડૉક્ટર બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ આપી. ઉલ્લેખનીય છે કે, વર્ષ 2015થી દર વર્ષે 26 નવેમ્બરે દેશભરમાં બંધારણ દિવસની ઉજવણી કરાય છે.

# DAMAN BANDHARAN DIVAS

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ અને દમણ ઍડ્વોકેટ્સ બાર ઍસોસિએશન દ્વારા બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવી. અદાલત પરિસરમાં કરાયેલી ઉજવણી દરમિયાન ન્યાયાધીશો દ્વારા બંધારણ અંગે લોકોમાં જાગૃતિ અને તેના ઉપયોગ અંગે ઉપસ્થિત લોકોને માહિતી અપાઈ. સાથે જ ભારતીય બંધારણ અંગે લઘુ ફિલ્મ પણ દર્શાવવામાં આવી.

# BHAVNAGAR COLLECTOR BOOK

ભાવનગરમાં જિલ્લા કલેક્ટર ડૉક્ટર મનીષકુમાર બંસલ દ્વારા લિખિત “માય ડિપ્રેશન ડાયરી” પુસ્તકનું વિમોચન કરાયું. આ પ્રસંગે કલેક્ટરશ્રીએ ડિપ્રેશન એટલે કે, હતાશા અંગે પોતાના જૂના અનુભવ લોકો

સમક્ષ મુક્યા. તેમણે કહ્યું, કોઈ પણ પ્રકારની ચિંતા વગર પ્રયાસ કરાય તો ગમે તેવી મુશ્કેલીમાંથી બહાર આવી શકાય છે.

કલેક્ટરશ્રીએ ડિપ્રેશન અને માનસિક બિમારી સામેની જાગૃતિ માટે આ પુસ્તક મદદરૂપ થશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ કલેક્ટરશ્રીના પુસ્તકની પ્રશંસા કરી છે.

# DEVBHOOMIDWARKA ASI TEAM

ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ – A.S.I.ની ઉચ્ચસ્તરની ટુકડી દિલ્હીથી દ્વારકા આવી છે. અમારા પ્રતિનિધિ કરણ જોષી જણાવે છે, A.S.I.ના અધિક મહાનિદેશક આલોક ત્રિપાઠીની ટુકડીએ દ્વારકા જગતમંદિરની આસપાસ સરવે કર્યો. જગત મંદિર નજીક પૂજન-અર્ચન કરી ખોદકામ પણ શરૂ કરાયું છે.

દરમિયાન ભગવાન શ્રીકૃષ્ણની પ્રાચીન નગરી "જૂની દ્વારકા"ના મહત્વપૂર્ણ અવશેષને શોધવામાં આવશે.

# MEHSANA PLASTIC FREE

મહેસાણાની ગુછલી ગામની શાળાએ પર્યાવરણ સંરક્ષણ ક્ષેત્રે વર્લ્ડવાઈડ બૂક ઑફ રૅકોર્ડ્સમાં સ્થાન મેળવ્યું છે. વિજાપુર તાલુકાની આ શાળાના બાળકોએ એક હજારથી વધુ ઇકોબ્રિક્સ બૉટલ એકત્રિત કરી હતી. આજે સમગ્ર ગામ પ્લાસ્ટિકમુક્ત બનવા તરફ આગળ વધી રહ્યું છે.

# BHAVNAGAR DEMOLITION

ભાવનગરમાં નવાપરા વિસ્તારમાં સરકારી જમીન પરથી દબાણ દૂર કરાયા છે. અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે, મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગે આજે સવારે ગેરકાયદે દબાણ હટાવી કરોડો રૂપિયાની કિંમતની ત્રણ હજાર ચોરસ મીટર જમીન ખૂલ્લી કરાવી છે.

# PANCHMAHAL SIR CAMPAIGN

રાજ્યભરમાં મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા – S.I.R. પ્રક્રિયા ચાલી રહી છે. ત્યારે પંચમહાલમાં ગોધરા વિધાનસભા વિસ્તારમાં બે લાખ 91 હજાર 14 મતદારોમાંથી અત્યાર સુધી 71 ટકા S.I.R. ની કામગીરી પૂર્ણ થઈ છે. મતવિસ્તાર માટે 294 બૂથ સ્તરના અધિકારી – BLO તથા સહાયકોની નિમણૂક કરવામાં આવી છે.

ગોધરા વિસ્તારમાં કેટલાક BLO-એ માત્ર 15 દિવસમાં S.I.R.ની 100 ટકા કામગીરી પૂર્ણ કરી છે. જ્યારે 12 જેટલા BLO-એ 90 ટકાથી વધુની કામગીરી પૂર્ણ કરી છે.

# SYED MUSHTAQ ALI TROPHY

ક્રિકેટની સૈયદ મુસ્તાક અલી ટ્રૉફી સ્પર્ધામાં આજે ગુજરાત અને સર્વિસીઝ વચ્ચેની મૅચમાં ગુજરાતની ટીમનો વિજય થયો છે. હૈદરાબાદમાં જિમખાના મેદાનમાં રમાયેલી મૅચમાં ગુજરાતે ટૉસ જીતીને પહેલા બૉલિંગનો નિર્ણય કર્યો હતો. ત્યારબાદ સર્વિસીઝ ટીમે નિર્ધારિત 20 ઑવરમાં નવ વિકેટ ગુમાવી 182 રન બનાવ્યાં. જવાબમાં ગુજરાતે 12 ઑવર ત્રણ બૉલમાં બે વિકેટે 183 રન બનાવી મૅચ જીતી લીધી.

સર્વિસીઝ ટીમમાંથી સૌથી વધુ 60 રન ઑપનર બેટ્સમૅન ગૌરવ કોચરે કર્યા. જ્યારે ગુજરાતની ટીમમાંથી સુકાની ઉર્વિલ પટેલે સૌથી વધુ અણનમ 119 રન કરતાં તેમને પ્લેયર ઑફ ધ મૅચ જાહેર કરાયા હતા.